ઊંઝામાં અનેક સરકારી ઈમારતોમાં આગ

ઊંઝા, તા. ૨૬

અનામતના મુદ્દે અમદાવાદમાં યોજાયેલ પાટીદારોની મહારેલી બાદ જીએમડીસી ગ્રાઉન્ડ પર થયેલ પોલીસ દમનની ઘટના બાદ રાજયોમાં ઠેરઠેર સ્થળોએ તોફાનો ફાટી નીકળ્યા છે ત્યારે ગઈ રાતથી વેપારી મથક ઊંઝા શહેરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડતાં અત્રે હિંસા ભડકી ઉઠી છે.

ઊંઝા શહેરમાં ગઈ રાત્રે પાટીદારોનું ટોળું બાઈક પર સવાર થઈને નારાઓ સાથે સડકો પર ઉતરી આવ્યું હતું અને હિંસક બનેલા ટોળાએ સ્થાનિક પોલીસ મથક, વેટ અને વ્યવસાય વેરાની કચેરી, ઐઠોર ચોકડી પાસેની પોલીસ ચોકી તેમજ એક સ્લીપર કોચ લકઝરી બસ સહિત એસ.ટી.ની પાંચ બસોની તોડફોડ કરી આગ લગાડી દીધી હતી. હિંસા ઉપર ઉતરી આવેલ ટાળાએ એસ.ટી. બસને લાગેલ આગને બુઝાવવા ગયેલ સ્થાનિક પાલિકાના ફાયર ફાઈટરને પણ નિશાન બનાવી તેને આગ ચાંપી હતી. બેકાબુ બનેલા હિંસક ટોળાએ શહેરમાં હાઈવે

પરથી પસાર થતા કેટલાક વાહનોને પણ નિશાન બનાવ્યા હતા. અત્રે પોલીસ સ્ટાફ ઓછો હોવાના કારણે કાયદો અને વ્યસ્થાની સ્થિતિ ભાંગી પડી હોય તેવી સ્થિતનું નિર્માણ થતા શહેરમાં ભારે ભયના માહોલ વચ્ચે અરાજકતા ફેલાઈ ગઈ હતી. આ સાથે તાલુકાના કેટલાક ગામોમાં પણ અજંપા અને દહેશતનો માહોલ ઉભો થયો હતો.

દરમિયાન સવારના સમયે ભડકી ઉઠેલી હિંસાને કાબુમાં લેવા માટે પોલીસ અને વહીવટી તંત્રએ શહેરમાં કરફયુ લાદી દીધો હતો આમ છતાં સવારના ૧૦૦ થી ૭૦૦ જેટલા બાઈક સવારોના ધારાસભ્ય નારાયણભાઈ પટેલના ગાંધીચોક વિસ્તારમાં આવેલ ધારાસભ્ય કાર્યાલય પર હુમલો કરી તોડફોડ કર્યા બાદ આગ લગાડી હતી. નજીકમાં આવેલ નગરપાલિકા કચેરીમાં તોડફોડ કરી અંદર ઘુસી જઈ સામાન બહાર કાઢી સળગાવી દીધો હતો ઉપરાંત વિસનગર રોડ પર ઐઠોરની ચોકડી સ્થિત પોલીસ ચોકીને આગ ચાંપી હતી. હિંસક ટોળાએ રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રકને નુકશાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. પરિસ્થિતિને અંકુશમાં લેવા માટે પોલીસે ટીયરગેસના ચાર સેલ છોડયા હતા પરંતુ સ્થિતિ વણસી જતાં પોલીસ તંત્રને સ્થિતિ પર કાબુ મેળવવાનું મુશ્કેલ બન્યું હતું. ઊંઝા નજીકના ઉનાવામાં પણ પોલીસ તથા ટોળા વચ્ચે ઘર્ષણ થયું હતું.

દરમિયાન આજે ગુજરાત બંધના એલાન મુજબ ઊંઝા સહિત તાલુકાના કેટલાક ગામોમાં બંધ પળાયો હતો. છેલ્લે મળતા સમાચાર મુજબ હિંસક ટોળાએ બજારમાં પોલીસવાનને ઘેરી તેને આગ ચાંપવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે અત્યાર સુધીમાં તોફાનોમાં સંડોવાયેલા મનાતા ૧૫ જેટલા શખ્સોને ઝડપી લીધા હોવાનું જાણવા મળે છે.

ચારના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે જેમાં મેઘાણીનગરમાં એક અમરાઈવાડીમાં એક વ્યક્તિનો સમાવેશ થાય છે અને વસ્તાલમાં પિતાપુત્રના મોત થયા છે જેમાં પુત્ર સિદ્ધાર્થ સીયુ શાહ કોલેજમાં અભ્યાસ કરતો હતો જ્યારે અહેવાલ મુજબ પિતા ગીરીશભાઈ રાવજીભાઈ પટેલ મૂળ દહેગામના રહેવાસી હતા. પોલીસ અને લોકો વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી જેમાં નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારના દાનેવ પાર્ક, સીટીએમ, બાપુનગર, ઘાટલોડિયા, રાણીપ પોલીસે બળપ્રયોગ કર્યો હતો. અનેક લોકોની લાઠીચાર્જની ઈજા પણ થઈ હતી. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ગઈકાલે મહારેલીનુ આયોજન કરવામાં આવ્યા બાદ સાંજે હિંસાની શરૂઆત થઈ હતી. અનેક વિસ્તારોમાં પથ્થરમારા, તોડફોડ અને આગ ચાપવાની ઘટના બન્યા બાદ સ્થિતીવણસી ગઈ હતી. જેના કારણે વહેલી પરોઢે આજે બે વાગે શહેરના નવ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સંચારબંધી લાદી દેવામાં આવી હતી.જે વિસ્તારમાં સંચારબંધી લાદી દેવામાં આવી હતી તેમાં નિકોલ, બાપુનગર, સીટીએમ, રાણીપ, નરોડા, કૃષ્ણાનગર, વાડજ અને ઘાડલોડિયાનો સમાવેશ થાય છે. અમદાવાદ શહેરના નિકોલમાં જૂથ અથડામણનો બનાવ બન્યો હતો. શહેરના વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સળગાવવાનોપ્રયાસ કરવામાં આવ્યો હતો. નારણપુરા પોલીસ સ્ટેશનને સળગાવવાના પ્રયાસ પણ કરાયા હતા. તોફાની તત્વોએ શૈક્ષણિક સંસ્થાઓ અને ભવનો અને હોટલોમાં તોડફોડ કરવામાં આવી હતી. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં અનેક બસોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ઘણી બસોમાં તોડફોડ પણ કરવામાં આવી હતી. શાહીબાગ વિસ્તારમાં પોલીસે એક યુવાનને માર મારવાનો અને સામાન્ય લોકો ઉપર અત્યાચાર કરવાનો આક્ષેપ કર્યો હતો. પોલીસ ગોળીબારમાં અમદાવાદમાં બે લોકોના મોત થયા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ બોપલ, ઠક્કરબાપાનગર, નિકોલમાં ઘુસી પોલીસે માર મારવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. ગઈકાલે સ્થિતી વણસી ગયા બાદ મોડી રાત્રે પરિસ્થિતીની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

તોફાનોને ડામવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણવાનોપ્રયાસ કર્યોહતો. ગૃહ મંત્રાલય દ્વારા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી વિનંતી મુજબ તરત જ ગુજરાતમાં વધારાના અર્ધલશ્કરી દળો મોકલી દીધા છે. બીજી બાજુ સ્થિતિ બેકાબૂ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં અનામતના મુદ્દે ગઈકાલે શક્તિપ્રદર્શન કરવામાં આવ્યું હતું.

અન્ય પછાત જાતિ અનામતની માંગણી કરીને ભૂખ હડતાળ કરવા બદલ પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલની ધરપકડ અને અટકાયત કરવામાં આવ્યા બાદ સ્થિતિ વણસી હતી. આજે ગુજરાત બંધ દરમિયાન રાજ્યના જુદા જુદા ભોગોમાંહિંસક પ્રદર્શનો થયા હતા. બીજી બાજુ અન્ય સમુદાયના લોકો પણ અનામતની માંગણીને લઈને આગળ આવી રહ્યા છે. આજે રાજ્યના વિવિધ ભાગોમાં સ્થિતિ વિકટ રહી હતી. ગઈકાલે આંદોલન દરમિયાન સ્થિતિ ખુબ તંગ બની ગઈ હતી. ગુજરાત સરકારને અલ્ટીમેટમ આપીને ઘટનાસ્થળ પર આવવા માટે પણ કહેવામાં આવ્યું હતું.

અનામતની આગમાં..

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૫થી વધુ બસોને સળગાવી દેવામાં આવી છે. ૧૦થી વધુ પોલીસ સ્ટેશનને પણ સળગાવી દેવામાં આવી હતી. વરાછા રોડ, સરથાણા, મોટા વરાછા, કતારગામ સહિતના વિસ્તારોમાં સ્થિતિ વણસી ગઈ હતી. સુરતમાં સ્થિતિ સૌથી વધારે ખરાબ રહી હતી. બીજી બાજુ પાલનપુરમાં પણ સ્થિતિ ખરાબ રહી હતી અને પોલીસ ગોળીબારમાં બે લોકોના મોત થયા હતા. રાજકોટમાં પણ કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી. હજારો લોકો ટોળામાં ઉમટી પડ્યા હતા. પોલીસને ગોળીબાર કરવાની અને ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. ગુજરાતમાં અનામતની માંગને લઈને મહારેલી યોજાયા બાદ ગઈકાલે હિંસાની શરૂઆત થઈ હતી. પાટીદાર નેતા હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવ્યા બાદ હિસાનો દોર શરૂ થઈ ગયો હતો. ગઈકાલે સુરત, મહેસાણા, વિસનગર, ઉંઝા અને કડીમાં વ્યાપક હિંસા થયા બાદ સંચારબંધી લાદી દેવામાં આવી હતી. હિંસા બાદ તમામ જગ્યાએ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી હતી. હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવ્યા બાદ સ્થિતી વણસી ગઈ હતી. બીજી બાજુ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ગઈકાલે મહારેલીનુ આયોજન કરવામાં આવ્યા બાદ સાંજે હિંસાની શરૂઆત થઈ હતી. અનેક વિસ્તારોમાં પથ્થરમારા, તોડફોડ અને આગ ચાપવાની ઘટના બન્યા બાદ સ્થિતીવણસી ગઈ હતી.

હિંમતનગરમાં વાહનો અટકાવાતા ૧૬ સહિત ૧૨૦૦ના ટોળા વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગરના સહકારીજીન વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે કેટલાક ટોળાએ રોડ પર આડશો મુકીને શામળાજીથી અમદાવાદ તથા અમદાવાદથી શામળાજી જતા વાહનોને અટકાવવા માટે પ્રયાસ કરતા એ-ડીવીઝન પોલીસે ૧૬ શખ્સો સહિત ૧૨૦૦ના ટોળા વિરૂદ્ધ બુધવારે ફરિયાદ નોંધી હતી.

આ અંગેની વિગત એવી છે કે મંગળવારે રાત્રે હિંમતનગરના સહકારીજીન વિસ્તારમાં ટોળાએ રોડ પર આડશો મુકીને વાહનોને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે એ-ડીવીઝન પોલીસે તરત જ ઘટનાસ્થળે આવી પરિસ્થિતિને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. પરંતુ ટોળાએ પથ્થરમારો કરતા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું.

ત્યારબાદ પોલીસે ૪૦થી વધુ ટીયરપગેસના સેલ છોડી પોલીસ ટેકનીક અને સહકારીજીન ચાર રસ્તા પર એકત્ર થયેલા ટોળાને વિખેરી નાખ્યું હતું. જોકે હિંમતનગરમાં થયેલા છમકલાને લઈને પોલીસે આખી રાત મોટાભાગના વિસ્તારોમાં પેટ્રોલીંગ ચાલુ રાખ્યું હતું. દરમિયાન બુધવારે આ ઘટના સંદર્ભે એ-ડીવીઝન પોલીસે રવિ હસમુખભાઈ પટેલ, રાહુલ પટેલ તથા કાંકણોલ ગામના લાલ કલરની ટી-શર્ટ પહેરેલ એક ઈસમ સહિત આઠ બાઈક સવારો વિરૂદ્ધ ફરિયાદ નોંધી હતી.

તેજ પ્રમાણે આનંદસાગર સોસાયટીના રહીશો દ્વારા ગેરકાયદે મંડળી રચી સહકારીજીન વિસ્તારમાં રોડ પર આડશો મુકી વાહનોને રોકી લીધા હતા. જે સંદર્ભે પોલીસે પ્રિયવંદન પ્રકાશભાઈ પટેલ, દર્શન પટેલ, ઘનશ્યામભાઈ દુધીયા, મિતુલ જગદીશભાઈ પટેલ તથા અન્ય ચાર બાઈક સવારો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

હિંમતનગરમાં મંગળવારે રાત્રે વાહનો અટકાવી પથ્થરમારો કરી શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા ૧૬ સહિત ૧૨૦૦ના ટોળા વિરૂદ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડાલીમાં પોલીસવડાની હાજરીમાં જ પ્રજા પર સિતમ

વડાલી, તા. ૨૬

બંધના એલાનને પગલે સાબરકાંઠા જિલ્લામાં બુધવારે આખો દિવસ અજંપાભરી સ્થિતિ સર્જાઈ હતી. બીજી તરફ આંદોલનકારીઓએ રોડ પર આવી પથ્થરમારો શરૂ કર્યો હતો. દરમિયાન વડાલી તાલુકાના રામપુરા પાટીયા પાસે આંદોલનકારીઓએ રોડ પર આડશો મુકી વાહન વ્યવહાર ખોરવી દીધો હતો. જેના કારણે પોલીસ અને આંદોલનકારીઓ આમને સામને આવી ગયા હતા. દરમિયાન આંદોલનકારીઓએ રોષે ભરાઈને વડાલીના મામલતદારની ગાડીની તોડફોડ કરી હતી.

બંધના એલાનને પગલે રામપુરા પાટીયા પાસે આંદોલનકારીઓએ રોડ પર લાકડાની આડશો મુકી દેવાઈ હોવાનું વડાલી પોલીસને ખબર પડતા કાફલો દોડી આવ્યો હતો. ત્યારબાદ આંદોલનકારીઓ અને પોલીસ આમને સામને આવી ગયા હતા. બીજી તરફ આડશોને દૂર કરવા માટે પોલીસને જાતે મહેનત કરવી પડી હતી. દરમિયાન આંદોલનકારીઓએ વડાલીના મામલતદાર સી.વી. પટેલની ગાડીની તોડફોડ કરી હતી. જો કે મામલતદાર બચી ગયા હતા. ત્યારબાદ જિલ્લા પોલીસવડા પી.એલ. માલ અને પોલીસ કુમક વડાલી દોડી આવી હતી. જ્યાં શાકમાર્કેટ તરફ દોડીને શાકભાજી વેચવા બેઠેલી મહિલાઓને ધમકાવી તેમને તગેડી મુકી હતી.

મહાનુભાવોની અપીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતના નાગરિકોને શાંતિ અને ભાઈચારો જાળવી રાખવાની અપીલ કરવામાં આવી છે.

ગુજરાતમાં સામાન્ય નાગરિકોનો ભાજપ સરકાર સામેનો આકોશ પછી ઉભી થયેલ સ્ફોટક પરિસ્થિતિમાં રાજ્યના નાગરિકોને શાંતિ રાખવા અને હિંસાથી દૂર રહેવાની અપીલ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર પરિસ્થિતિને યોગ્ય રીતે હેન્ડલ કરવામાં નિષ્ફળ નીવડી છે. કાયદો વ્યવસ્થાની સ્થિતિ વણસી ગઈ છે. અને ૨૪ કલાકમાં તો સ્ફોટક પરિસ્થિતિનુંનિર્માણ થયુંછે. ત્યારે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં નિષ્ફળ રાજ્યના મુખ્યમંત્રી જવાબદારી સ્વીકારીને રાજીનામું આપવું જોઈએ.

રાજ્ય પોલીસ વડાએ શાંતિ જાળવવા અપીલ કરતાં જણાવ્યું છે કે અમદાવાદમાં અનામતની માંગણી સાથે પાટીદારોની ૨૫ ઓગષ્ટે નિકળેલી રેલી માટે પુરતો પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવેલ હતો. પરંતુ અનામતને લઈને સાંજે શરૂ થયેલ પટેલ સમુહનું આંદોલન હિંસક બની જતાં સમગ્ર ગુજરાતમાં તોફાનો ફાટી નીકળ્યા હતા. આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખી વધુ પોલીસ ફોર્સ ફાળવવામાં આવેલ છે તેમજ કેન્દ્ર સરકારે પરિસ્થિતિને કાબુમાં લેવા સેન્ટ્રલ પેરામીલીટરી ફોર્સ પણ ફાળવેલ છે.

ગુજરાત પોલીસ દ્વારા લોકોના સામાન્ય રાબેતા મુજબના વ્યવહારો, મુસાફરી, સ્કૂલ, કોલેજો બંધના એલાનનો લાભ લઈ અસામાજીક તત્વો કાયદો હાથમાં ન લે તે માટે સમગ્ર રાજ્યમાં સઘન પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બનેતેમાટે સમગ્ર રાજ્યમાં પોલીસ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે.

રાજ્યના પોલીસ વડા શ્રી પી.સી. ઠાકુરે સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા પોલીસે પબ્લીક સાથે કુનેહપૂર્વક વર્તન કરવા અને જાહેર જનતાને અફવાઓથી દૂર રહેવા અને શાંતિ જાળવા અપીલ કરી છે.

આર્મીને હવાલે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

વહનો વગેરેને આગને હવાલે કર્યા હતા. પોલીસે પણ સોસાયટીઓમાં ઘરમાં ઘુસી જઈને નિર્દોષ લોકોને બેરહમીથી ઝૂડી કાઢ્યા હતા અને સેંકડો વાહનોને ભારે નુકસાન કર્યુંહતું. પોલીસે યુવાનો પર લાઠીઓ વીંઝી મહિલાઓ સાથે પણ અભદ્ર વ્યવહાર કર્યા હોવાની ફરિયાદો ગાંધીનગરમાં થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું.

રાયગઢ-ગાંભોઈમાં બંધને મિશ્ર પ્રતિસાદ

સુનોખ, તા. ૨૬

પાટીદાર આંદોલનના ભાગરૂપે આજે આપેલા ગુજરાત બંધના એલાનને સંદર્ભે ગાંભોઈમાં પણ આજે કેટલાક લોકો દ્વારા બજારો બંધ કરાવવાની કોશિશ કરાઈ હતી પરંતુ ગાંભોઈમાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો તેવી જ રીતે રાયગઢમાં પણ બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. કેટલાક લોકો દ્વારા ગાંભોઈથી ભિલોડાને જોડતો માર્ગ ત્રણેક કલાક જેટલા સમય માટે આડશો મુકી બંધ કરી દીધો હતો. ત્યાર બાદ પોલીસ પહોંચી જઈને આડશો દુર કરી માર્ગ ચાલુ કરાયો હતો તેવી જ રીતે મોડાસાથી રાજેન્દ્રનગર માર્ગને પણ આડશો મુકી બંધ કરી દેવાયો હતો. વળી નેશનલ હાઈવે નં. ૮ શામળાજી-હિંમતનગર માર્ગ જે ગાંભોઈ પાસે કેટલાક લોકો દ્વારા બંધ કરવાની કોશિશ કરી હતી જેને થોડીકવાર માર્ગ બંધ થયા બાદ પોલીસ પહોંચી જઈ માર્ગ શરુ કરાયેલ હતો.

તલોદમાં પથ્થરમારો થતા એકને ઈજા

તલોદ, તા. ૨૬

ગુજરાત બંધના એલાનને પગલે સાબરકાંઠા જિલ્લામાં અજંપાભરી સ્થિતિ રહી હતી. હિંમતનગર સહિત જિલ્લાના અનેક સ્થળે બંધના પગલે લોકો રોડ પર ઉતરી આવ્યા હતા. તલોદમાં પથ્થરમારો થતાં એક યુવાનને ઈજા થઈ હતી. બીજી તરફ પોશીના, ભિલોડા, વિજયનગર અને શામળાજીમાં બંધને કોઈ અસર વર્તાઈ ન હતી. જેના કારણે જનજીવન રાબેતા મુજબ રહેવા પામ્યું હતું. જોકે શૈક્ષણિક સંસ્થાઓ સંપૂર્ણ બંધ રહી હતી. કેટલેક ઠેકાણે બેંકોનું કામકાજ પણ બંધ રહ્યું હતું. પોલીસે તંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જેના કારણે હિંમતનગર અને વડાલી સિવાય અન્ય સ્થળે શાંતિ પ્રવર્તી હતી. ઈડરમાં પોલીસે લાઠીચાર્જ કરતા દોડધામ મચી ગઈ હતી. ઉપરાંત એપોલો ત્રણ રસ્તા પર પથ્થરમારો પણ થયો હતો. ઈડરમાં મંત્રી રમણલાલ વોરાના કાર્યાલય પર પથ્થરમારો થયો હતો.

સજ્જડ બંધ...

● પાંચમા પાનાનું ચાલુ

નથી જેનાથી શહેરમાં તમામ દુકાનો અને ધંધા-રોજગાર ધમધમતા રહ્યા હતા. તો વળી ડીસામાં આજે બક્ષીપંચ મોરચો પણ મેદાનમાં આવ્યા હતો. અને શહેરમાં તે બાદ શાંતિ રાખવા બન્ને પક્ષો વચ્ચેની સમજુતીએ પાટીદારોએ શાંતિ જાળવી હતી અને માત્ર આવેદનપત્ર આપી શાંતિનો પરિચય કરાવ્યો હતો. જેમાં ભાજપ યુવા મોરચાના પ્રમુખ અમરતભાઈ દવે અને અન્ય આગેવાનોએ સ્પષ્ટ રીતે શહેરીજનો અને વહેપારી હિતમાં કામ કરવા અને જબરજસ્તીથી બંધ ન કરાવવા સમજાવટ હાથ ધરી હતી. જે આવકારદાયક બની હતી તો વળી ડીસાના નાયબ કલેક્ટરે પણ શહેરીજનોને શાંતિ અને સલામતીમાં સહયોગની અપીલ કરી હતી અને પાટીદારોએ આવેદન પત્ર આપ્યું છે તેને સરકાર સમક્ષ મોકલાશે તેવું જણાવ્યું હતું.

પાટીદાર સમાજના સેનાપતિ હાર્દિક પટેલ દ્વારા રેલી બાદ રાત્રીના સમયે પાટીદારો ઉપર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી દેતા નિર્દય ગણાવી તા. ૨૬-૮-૨૦૧૫ને બુધવારના રોજ ગુજરાત બંધનું એલાન જાહેર કરતા સમગ્ર ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લાના પ્રંતિજ ખાતે પણ વેપારીઓ દ્વારા વહેલી સવારથી જ સ્વયંભુ બંધ પાડવામાં આવ્યું હતું અને વેપારીઓ સહિત લોકો નવરા થતાં બજારમાં ફરવા નીકળી પડ્યા હતા ને લોકોના ટોળેટોળા જોવા મળ્યા હતા. જ્યારે બજારમાં જ્યાં જુવો ત્યાં દુકાનો બંધ જોવા મળી હતી. જ્યારે પાટીદાર સમાજના પ્રાંતિજ તાલુકાના કન્વીનર અનીલભાઈ પટેલ, રસિકભાઈ પટેલ, સંજયભાઈ પટેલ સહિતના પાટીદારો બાઈક રેલી યોજી લોકોને શાંતિ જાળવવા તથા વેપારીઓએ સ્વયંભૂ ધંધા રોજગાર બંધ પાડતા તેમનો પાટીદાર સમાજ વતી અનીલભાઈ પટેલ દ્વારા આભાર માન્યો હતો.

જ્યારે પ્રાંતિજ ખાતે આવેલ એસ.ટી. બસ ડેપોમાં લાંબી રૂટની બસોના ૧૦૦ જેટલા મુસાફરો પણ અટવાયા હતા જેમાં ડેપો મેનેજર દ્વારા ૬૦ જેટલા આજુબાજુ મુસાફરોને અન્ય વ્યવસ્થા રેલવે તથા પ્રાઈવેટ વાહનોમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે રાજસ્થાન તથા છોટા ઉદેપુર બાજુના ૪૦થી વધુ મુસાફરો માટે મેનેજર તથા સ્ટાફ દ્વારા ચા-નાસ્તો સહિત જમવાની વ્યવસ્થા કરી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના પાટીદારો દ્વારા અનામત આંદોલન અંતર્ગત એક રેલીનું આયોજન કર્યું હતું અને રેલી સરદાર ચોકમાં પહોંચી સરદાર પટેલની પ્રતિમાની સફાઈ કરી હારતોરા કરવામાં આવ્યા હતા. પાટીદારો દ્વારા સમગ્ર બજાર બંધ કરાવવામાં આવ્યું હતું. દુકાનો બંધ કરાવવામાં એક બે જગ્યાએ તુ તુ મે મે થવા પામ્યું હતું. બજાર બંધ રહેતા લોકોની અવર જવર પાંખી જણાઈ હતી. ખેડબ્રહ્મા એસ.ટી. ડેપો દ્વારા બસો પાછી ખેંચાતા ડેપો સુમસામ ભાસતો હતો. ડેપોમાં ચકલુય ફરક્યુ ન હતુ તેવો સુમસામ હતો. ખેડબ્રહ્મા ડેપોની બે બસો ખેડબ્રહ્મા-ઈસ્કોન અને જુનાગઢ બસો અનામત આંદોલન કારીઓએ સળગાવી દીધી હતી.

સજ્જડ બંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખતા એક પણ બસ માર્ગ પર દોડતી જોવા મળી ન હતી. પેથાપુર મહુડી સહિત જિલ્લાના વિવિધ રસ્તાઓ પણ આડશ મુકીને બંધ કરી દેવાતા નાગરિકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. બંધની અસરના લીધે નગરના મુખ્ય માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. અજંપાભરી સ્થિતિ વચ્ચે નગરમાં સુનકાર છવાયેલો રહયો હતો. કેટલાક ઠેકાણે બંધ પાળવા માટે દુકાનો બંધ કરાવવા બાઈક સવારો સાથે ઘર્ષણ પણ થયુ હતુ. બંધ દરમિયાન કોઈ અનઈચ્છનિય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસતંત્ર દ્વારા ચાંપતા પોલીસ બન્દોબસ્ત વચ્ચે સતત ચેકીંગ કરવામાં આવી રહયુ હતુ.

લાગણીનો મેળો (ચોથા પાનાનું ચાલુ...)

પૂજનથી વૈયક્તિક જીવનની મહાનતાના શિખરોનું દર્શન કરાવતો ત્રિવેણી સંગમ સમો આ ઉત્સવ સૌને પાવન કરે એવી અભ્યર્થના.

જન્માષ્ટમી લોક હૈયે તો ગોકુળ આઠમના રૂપે જ ધબકે છે. શ્રાવણ માસની મેઘલી અંધારી આઠમે કેદખાનામાં થયેલું કૃષ્ણ ચંદ્રનું પ્રાકટ્ય... આ રહસ્યમય ઘટના જ ઘણું બધું સૂચવી જાય છે! આજે સદીઓ પછીયે આ તરોતાજું વ્યક્તિત્વ દિને દિને નવં નવં લાગે છે... કૃષ્ણના અસીમ વ્યક્તિત્વના રહસ્યગર્ભને અહી શું ઉકેલી શકું?! બસ એટલું જ કહી શકું આપણી સામાન્યતાને પ્રભુની અસામાન્યતા સ્પર્શે... એ જ જગદગુરુના ચરણોમાં પ્રાર્થના..!

શ્રાવણ વદ અમાસ એટલે માતૃદિન. મા કેવળ બાળકની જ નહિ પરંતુ તેના સંસ્કારોની જન્મદાત્રી છે. માતૃદિને માના અનંત ઉપકારોને યાદ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ. આપણી સંસ્કૃતિના વિરલ માતૃ ચરિત્રો જેવા કે મદલાશા, શકુંતલા, અંજની, સીતા, કુંતા,સુભદ્રા,જીજાબાઈ, કે પૂતળીબાઈ, વગેરે વગેરે.... નામાંસ્કારાર્હ છે. આ દિવસે માતા ઉપરાંત ગુરુપત્ની ભ્રાતૃપત્ની પત્નીમાતા (સાસુ) આ પ્રત્યેક તરફ માતૃદ્રષ્ટી રાખવાનો બોધ આપે છે સાથે સાથે રાષ્ટ્રમાતા કે સંસ્કૃતિમાતાને યાદ કરીએ. ને તેમના ચરણે શક્તિ સમર્પણનો સંકલ્પ કરીએ. મિત્રો, મા જ ભગવાન સ્વરૂપ છે ને ભગવાન જ મા છે આવી પાક્કી સમજણ સમાજમાં પૂન: જીવિત કરીએ!

સ્પર્શમણિ
આત્માત્વં ગિરિજામતિ: સહચરા: પ્રાણા: શરીરં ગૃહં
પૂજા તે વિષયોપભોગ રચના નિદ્રા સમાધિ સ્થિતિ:
સંચાર: પદયો: પ્રદક્ષિણ વિધિ: સ્તોત્રાણી સર્વાંગિરો
યદ્યત કર્મો કરોમિ તત્તદખિલં શંભો તાવારાધનમ
(શિવ માનસપૂજા સ્તોત્ર)

(હે પ્રભુ મારું શરીર એ તમારું નિવાસ સ્થાન છે. મારી પૂજા એ સમાધી અવસ્થામાં કરેલી તમારી આરાધના છે. મારું ચાલવું એ તમારી પ્રદક્ષિણા છે. મારું બોલવું એ તમારીજ સ્તુતિ છે. અને હે શંભો હું, જે કાઈ પણ કર્મો કરું છું એ સર્વ તમારી જ પૂજા છે.)

ભક્ત આ ભાવનાથી શિવજીની પૂજા અર્ચના કરે તો તેનામાં શીવત્વનો ભાવ જાગે. પોતાના કર્મો પ્રત્યે સજાગ થઈને આ ભાવથી વ્યક્તિ સજાગ રહે તો અનેક પ્રૌ આમ જ હલ થઈ જાય. પ્રભુની શક્તિ મારી સાથે છે. મારી અંદર રહે છે આ વિશ્વાસ કોઈપણ મુશ્કેલી સામે લડવાની તાકાત આપે છે.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા

જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬નો સુધારો-૩

સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

ઓનલાઈન અપલોડ કરવાની તારીખ	૧-૯-૨૦૧૫
ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ	૧-૯-૨૦૧૫ થી ૮-૯-૨૦૧૫
બાનાની રકમ ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ	૯-૯-૨૦૧૫થી ૧૬-૯-૨૦૧૫
ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાનીતારીખ	૯-૯-૨૦૧૫

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૬૬/૨૦૧૫

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર

Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

જાહેર નિવિદા

આથી અત્રેના આઈ.સી.ડી.એસ. ઘટક-૧ અને ૨ તાલુકા પંચાયત દહેગામ હસ્તક ચાલતા આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકરો (વર્કર) અને તેડાઘર (હેલ્પર) જગ્યા ખાલી પડેલ હોઈ ભરતી કરવાની થાય છે.

દહેગામ ઘટક-૧

આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યા :-

પ્રથમ પ્રયત્ન : (૧) હિલોલ-૨ (૨) જલુન્દા મોટા (૩) કેશરાજીના મુવાડા (૪) અરજણજીના મુવાડા (૫) દાનાજીના મુવાડા (૭) વાસણા સોગઠી-૧

બીજો પ્રયત્ન : (૧) સરપંચના મુવાડા

**આંગણવાડ